# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ઘર કે નિશાળમાં શૌચાલયનાં ઠેકાણાં નથી!
વર્ગખંડ, બેસવા પાટલીઓનાં ઠેકાણાં નથી!
ઠેકાણાં નથી કયાંય રમતના મેદાનમાં પણ -
માગે ઓલંપિક, જયાં ગિલ્લી-દંડાનાં ઠેકાણાં નથી

## હાઈકુ

હવે કાઢે છે,
આયુર્વેદિક ધૂમાડો -
ભાજપી બીડી -
(તમાકુ ઉદ્યોગની તરફેણ)

વરિષ્ઠ સભ્યો,
માત્ર સલાહ આપે - !!
શોભા-ગાંઠીયા
(માને ન માને, મરજી)

## ચિંતન

**ના સ્માકં શિબિકા ન ચાસ્તિ કટકા ઘાલં ક્રિયાસાત્કિયાનોતુંગ સ્તુરગો ન કશ્ચિદનુજો નાપ્યગબરં સુંદરમ્ ।**
**કિં તુ ક્ષમાતલવર્ત્ય શેષાવિદુષાં સાહિત્ય વિદ્યાજુષા ચેતસ્તોષ કરી શિરોનતકરી વિદ્યાનવદ્યાસ્તિ નઃ ॥**

આ શ્લોકમાં સાહિત્ય-વિદ્યાનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે :

'અમારે ત્યાં પાલખી નથી (આજના સંદર્ભમાં તમારા માટે કાર-ગાડી વાહનની સુવિધા નથી) અમારે ત્યાં કડાં-કંકણ વગેરે અલંકારની શોભા નથી, ઊંચા જાતવાન ઘોડા નથી, અને કોઇ દાસ-દાસી-સેવક નથી. ઘરમાં કોઇ સુંદર વસ્ત્રોનો વોર્ડરોમ નથી અર્થાત તમારી પાસે તમને ખુશ કરે એવી કોઇ જ ભૌતિક સાધન-સંપત્તિ સુવિધા નથી. પરંતુ, સાહિત્ય વિદ્યાની સેવા કરનારા પૃથ્વી પરના સમગ્ર વિદ્વાનોના ચિત્તને સંતોષ આપનારી અને બધાના મસ્તકોને નમાવનારી એટલે કે માન-સન્માનથી બધાને વંદનીય થઇ શકે એવી નિર્દોષ અમૂલ્ય વિદ્યા અમારી પાસે છે.'

ધન-સંપત્તિ, સત્તા-પદ હોય તો જ માનવી સન્માનીય અને કીર્તિવૃંત બને છે એવું નથી તેના વિદ્યા અને સાહિત્ય સર્જન દ્વારા એની સુવાસ તેનાં પુસ્તકો અને કદરદાન વાચકોની પ્રશંસાથી આપોઆપ વિશ્વમાં ફેલાઇ જાય છે. વિદ્યાવાન તો મોટા સત્તાધીશ કરતાં પણ વધારે વંદનીય છે.

## સુવિચાર

- હોંશીયારી અને જ્ઞાન હોય એ જ પૂરતું નથી, પરંતુ એનો યોગ્ય સ્થળે અને યોગ્ય સમયે એનો ઉપયોગ કરનાર સાચા અર્થમાં હોંશિયાર અને જ્ઞાની ગણાય **- જ્ઞાનસૂત્ર**
- સ્વર્ગ એટલે શું? સ્વર્ગ એટલે સમજણથી છલકાતો અને નિર્મળ સ્મિતથી ઊભરાતો સંસાર **- એસ. ભટ્ટાચાર્ય**
- વરસો નહીં ત્યાં સુધી આકાશ કે હૃદય સ્વચ્છ થતું નથી **- મનુસ્મૃતિ**
- શબ્દને ઓળખવા માટે લય જોઇએ, મનને ઓળખવા માટે વય જોઇએ, વયને ઓળખવા માટે સમય જોઇએ **- ભીખુદાન ગઢવી**
- સત્ય એ હિન્દુ, ગ્રીક, રશિયન કે ખ્રિસ્તી ન હોઇ શકે... ઇશ્વરનો પર્યાય સત્ય છે **- સુરેશ દલાલ**
- સ્વતંત્ર થવું એનો અર્થ માત્ર બેડીઓ ફગાવી દેવી એવો નથી, પરંતુ સ્વતંત્ર હોવું એટલે એવી રીતે જીવવું કે જેના થકી બીજાની સ્વતંત્રતાનો આદર થાય, અને એમનો વિકાસ થાય **- નેલ્સન મંડેલા**
- જીવનની પ્રવૃત્તિને બે ભાગમાં વહેંચી શકાય. એક ભાગ 'મની' માટે અને બીજો ભાગ 'મન' માટે. ધીમે ધીમે 'મન'ની પ્રવૃત્તિ વધતી રહેશે તો વિષાદનું વિષ તત્ત્વ અવશ્ય ઓળગતું રહેશે **- ડો. જીતેન્દ્ર અઢિયા**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

સંપૂર્ણ સમર્પણ અને અતૂટ આસ્થા તથા સાચી શ્રદ્ધા વિના ભગવાનના દર્શન કે સાક્ષાત્કારની અનુભૂતિ થતી નથી. હિંમત-ધીરજ હાર્યા વિના ઇશ્વર દર્શન માટે પ્રયત્નશીલ રહેવું જોઇએ.

કર્ણાટકના મેંગ્લોર-મણિપાલ નજીક એક ગામ છે 'ઊડીપી'. ત્યાં એક મંદિર આજે પણ હયાત છે એ મંદિરનું નામ છે 'કનકદાસનું મંદિર.'

સ્વાતંત્ર્ય પહેલાનાં જમાનાની આ વાત છે. 'કનક' ક્ષુદ્ર હતો પણ 'કૃષ્ણ ભક્ત' હતો. દરરોજ મંદિરે જતો પણ પ્રવેશબંધીને કારણે મંદિરની પાછળથી ખુલતી લોખંડી જાળીમાં કૃષ્ણ ભગવાનની પીઠ દેખાતી એના દર્શન કરી - સંતોષ અનુભવતો હતો. અને કોઇને સામે કંઇક ફરિયાદ ન હતી.

એક દિવસ કનકને ભગવાનનું મુખ જોવાની ઉત્કટ ઉત્કંઠા થઇ. પીઠ જોઇ રડવા લાગ્યો. અશ્રુધોધ વહેવા લાગ્યો. ક્ષીર સાગરમાં બેઠેલા ભગવાન કનકના અશ્રુથી ભીંજાઇ ગયા અને ચમત્કાર થયો. એ મંદિરની મૂર્તિ ડીગ્રી ઊંધી ફરી ગઇ. અર્થાત મુખ્ય પ્રવેશ સામે પીઠી આવી ગઇ. કનક ભગવાનના ચહેરાના દર્શન કર્યા અને ત્યાં જ ઢળી પડ્યો...

આજે પણ ઊડીપીમાં ઉંધી મૂર્તિના કૃષ્ણ ત્યાં ઉભા છે. આ મંદિરનું નામ 'કનકનું મંદિર' કહેવાય છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# સાંઢ ઢળવાની શરૂઆત થવા લાગી હતી, સૂરજ પશ્ચિમના આકાશ તરફ ગતિ કરતો હતો છતાં ગરમીને કારણે પથ્થરો જાણે હાંફતા હતા

## હરિયાળું હરણોદ્યાન

- નટવર હેડાઉ

સાબરમતીને કિનારે કોતરોનાં વિસ્તારને માનવ પ્રયત્નો દ્વારા વૃક્ષાચ્છાદિત કરવાની કામગીરી દરમિયાન જ સને ૧૯૭૭ના વર્ષમાં ગુજરાત પ્રકૃતિ મંડળે પ્રકૃતિ ઉદ્યાન ખાતે પ્રાકૃતિક ઈતિહાસ પ્રદર્શન ઊભું કરવાનું સુચન કરેલું. જેના સંદર્ભે ગુજરાત સરકાર દ્વારા પ્રાકૃતિક ઈતિહાસ પ્રદર્શન (નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમ) સમિતિ રચાઈ હતી. તેણે આ વિસ્તારને ચોક્કસ હેતુઓ માટે પસંદ કરવાનું સૂચન કર્યુ હતું. જેમાં પર્યાવરણ શિક્ષણ અને સંશોધન, પ્રાકૃતિ ઈતિહાસ પ્રદર્શનની વાત હતી. તે અંતર્ગત પર્યાવરણ શિક્ષણ માટે ઉપયોગી થાય તેવું માતબર કક્ષાનું એક પુસ્તકાલય ગુજરાત પ્રકૃતિ મંડળ દ્વારા તૈયાર કરવમાં આવ્યું હતું. પ્રકૃતિ શિક્ષણની પ્રવૃત્તિ પણ શરુ થયેલી તે પછી ઘણાં વર્ષો બાદ આ અંગે એક મહત્ત્વપૂર્ણ કામ થયું. તે હતું 'ડાયનાસોર પાર્ક' ની સ્થાપનાનું જેનો રસ જગાડનાર હતી 'જુરાસિક પાર્ક' નામની એક ફિલ્મ. તેની વાત કરીએ તો આપણા દેશ કે આપણા રાજયના સ્થાનિક પ્રદેશોમાં આવા પ્રાણીઓ કરોડો વર્ષો પહેલાં વિચરતા હતા તેનો અછડતો ઉલ્લેખ ઈતિહાસનાં પુસ્તકોમાં મળતો હતો. જો તે અસ્તિત્વ ધરાવતો હતો તો તેમાં કેવી વિવિધતા હતી. અને તે અંગે ભૂસ્તરશાસ્ત્ર દ્વારા જાણી શકાય તેમ હતું. આપણા રાજયના ભૂસ્તરમાં મળી આવતાં ડાયનાસોર અને તેના સમકાલીન અન્ય પ્રાણીઓ અને વનસ્પતિમાં જીવાશ્મિઓ અને તેની સાથે સંકળાયેલ અનેક વિગતો જેમ કે પૃથ્વીની ઉત્પત્તિથી લઈને સજીવોમાં થયેલ ઉત્ક્રાંતિ, સજીવોમાં વખતોવખત જોવા મળેલ વિલોપનો, તેના કારણો જેમાં ખાસ કરીને ક્રિટેસિયસ કાળ એટલે કે ૧૩.૫ કરોડ વર્ષ થી ૬.૫ કરોડ વર્ષ પહેલાંના તમામ ડાયનાસોર કાળનાં પ્રાણીઓનું મહા વિલોપન અને ત્યાર પછી અર્વાચિન યુગ સુધી પૃથ્વી પર રહેલું સસ્તનોનું પ્રભુત્વ, કચ્છમાં પ્રાપ્ત થયેલ આ બાબતોના પ્રમાણ જેવાં જીવાશ્મિઓ, ખેડાના રાયોલીમાંથી પ્રાપ્ત થયેલા આવાં પ્રાણીઓના ઈંડાના જીવાશ્મિઓ શોધતાં શોધતાં દાહોદની ડુંગરાઓ ખુંદી વળેલા તેની રોમાંચક વાત જાણવા જેવી છે.

આમ તો આ કાર્યમાં જી.એસ.આઈ.ના સિનીયર જીઓલોજીસ્ટ ડૉ. ઝેડ.જી ધેવરીયા અને ગુજરાત યુનિવર્સિટીના જીઓલોજીસ્ટ પ્રો ગિરીશ પંડ્યાનો અથાક પ્રયત્નોને તેનું શ્રેય આપી શકાય પણ જમીન પર સાથે રહી એક એક જીવાશ્મિને ઓળખી બતાવવામાં અને તેને ખુબ જ જાળવીન ઉત્ખન્ન દ્વારા બહાર કાઢવામાં જો કોઈ વિશેષ ફાળો હોય તો રઈજીભાઈ રાઠોડનો તે ભલે અલ્પ શિક્ષિત હોય પણ તેમણે જીઓલોજીસ્ટ સર્વે ઓફ ઈન્ડિયામાં કરેલ કામના અનુભવોનો લાભ જે મળ્યો તેને નાનોસુનો ગણી શકાય તેમ નથી. રઈજીભાઈના મત અનુસાર દાહોદની આસપાસની ડુંગરાળ વિસ્તારોમાં ઘણી જગ્યાએ ડાયનાસોરનાં ઈંડા મળી આવે છે. ત્યાંના આદિવાસી લોકો નાનકડી દેરી બનાવી તેની પુજા કરતા હોવાના અને કયારેક કયારેક વિદેશી સંશોધકો અહીંથી ઈંડા કઢાવી લઈ ગયાના ઘણા કિસ્સા સાંભળવા મળ્યા છે. આ હકીકતો સાચી હોય તો આપણા 'ડાયનાસોર પાર્ક' માટે પણ આપણે જીવાશ્મિઓ અને ઈંડા લઈ આવીએ એ વિચાર સાથે જીપ લઈ અમે દાહોદ જવા નીકળ્યા. ત્યારે રઈજીભાઈએ કહ્યું કે કોઈ સ્થાનિક જાણકાર માણસને સાથે લઈ જઈએ તો વધુ અનુકૂળતા રહે. મને તરત યાદ આવ્યું કે અમારા બોટનીસ્ટ ચંદ્રકાન્ત ડામોર એ બાજુના જ છે. તેને પણ સાથે લીધા, સવારે ગાંધીનગરથી નીકળેલા અમે બપોર સુધીમાં દાહોદ પહોંચી ગયા. દાહોદથી આઠ દસ કિ.મી.ના અંતરે ડુંગરાળ વિસ્તારમાં પહોંચતાં સૂરજ ઢળવા લાગ્યો હતો. કાચા ધુળીયા અને પથરાળ રસ્તામાં જીપની ગતિ હવે બહુ ધીમી થઈ ગઈ હતી.

દૂર દૂર સુધી ડુંગરો જ ડુંગરો દેખાતા હતા. કયાંક કયાંક કોઈ આદિવાસી યુવતી લાકડાંનો ભારો માથે લઈ પસાર થતી હતી તો કયાંક કોઈ ઘેટાબકરાં ચારતો ફાળીયું બાંધેલ કૃષકાય વનવાસી નજરે પડતો હતો. જો કે અમારા માટે તો અર્જુનને જેમ પક્ષીની આંખ દેખાતી હતી તેમ ડાયનાસોરના ઈંડા કયાં મળશે તેના પર ધ્યાન કેન્દ્રિત થયેલું હતું. અમુક જગ્યાએ રઈજીભાઈએ અગાઉ જોયેલી હતી. તેથી એ જીપના ડ્રાઈવરને એ તરફ દોરતા હતા. જીપ આગળ વધતાં વધતાં અચાનક અટકી ગઈ. સામે જોયું તો પથ્થરો જ પથ્થરો હતા.

સાંઢ ઢળવાની શરુઆત થવા લાગી હતી. સૂરજ પશ્ચિમના આકાશ તરફ ગતિ કરતો હતો છતાં ગરમીને કારણે પથ્થરો જાણે હાંફતા હતા.

'જીપ અહીંથી આગળ નહીં જાય' ડ્રાઈવરે કહ્યું અને જીપને થંભાવી દીધી. અમે નીચે ઊતર્યા. પથ્થરોની વચ્ચે એક નાનકડી કેડી જતી હતી. રઈજીભાઈ આગળ અને અમે સૌ તેની પાછળ પાછલ ચાલતા હતા. થોડેક દૂર જતાં તેમણે કહ્યું,

'જુઓ... જુઓ... આ રહ્યા ડાયનાસોરનાં ઈંડા...'

અમે ચારે બાજુ જોવા લાગ્યા... ઈંડા કયાંક દેખાતા ન હતા. ચારે બાજુ દિવસભર તપેલા પથ્થરોમાંથી વરાળો નીકળતી હોય એવું લાગતું હતું. પથ્થરોની વચ્ચે કયાંક કયાંક ઝાંખરાં ઉગેલા હતા. રઈજીભાઈના ચહેરા પર ખુશીની લહેર હું જોઈ શક્યો.

'કયાં છે?' મેં પ્રશ્ન કર્યો.

જૂઓ આ પથ્થરની શિલામાં જે ગોળ ગોળ આકારો દેખાય છે તે ડાયનાસોરના ઈંડા છે.

વિશાળ શિલાને હું જોઈ રહ્યો. ખરેખર તેમાં થોડાં થોડાં અંતરે ગોળાકાર આકૃતિો દેખાતી હતી. અમે તો ઈંડા લેવા આવ્યા હતા. આ પથ્થરની શિલાને કઈ રીતે લઈ જઈશું તે અંગે હું વિચાર કરવા લાગ્યો.

રઈજી ભાઈએ પોતાનું કામ શરુ કરી દીધું હતું. તેમણે ચોક લઈ પથ્થર પર નિશાનીઓ કરવાનું શરૂ કર્યું હતું. દૂર દૂર સુધી ફેલાયેલા ડુંગરો અને પથરાળ ધરતીને હું ક્ષિતિજ સુધી જોતો હતો. ત્યાં રઈજીભાઈ મારી પાસે આવ્યા અને કહે કે ચાલો, કામ થઈ ગયું કાલે અહીં બ્લાસ્ટ કરાવવું પડશે.

અમે દાહોદ પરત આવ્યા. ચંદ્રકાન્તની ઓળખાણ અહીં કામ આવી. બ્લાસ્ટ કરવા માટેના સાધનો અને માણસો શોધી તેમની સાથે બધું નક્કી કરતાં રાતના નવેક વાગી ગયા. અમે દાહોદના સર્કીટ હાઉસમાં રોકાયા.

બીજે દિવસે સવારમાં વહેલા અમે અમારા મિશન પર ઉપડી ગયા. સાથે બ્લાસ્ટ માટેનો સામાન અને માણસો હતા. હવે આ માર્ગ અમારા માટે જાણીતો હતો. સવારના ઠંડા ઠંડા પવનની લહેરખી તાજગી આપતી હતી.

જીપમાંથી ઉતરી ગઈકાલવાળા નિયત સ્થળે પહોંચ્યા. રઈજીભાઈએ નિશાન કરેલ જગ્યાએ બતાવી તે મુજબ બ્લાસ્ટ કરનારા માણસોએ અમુક અંતર રાખી પથ્થરને કોચીને તેમાં હોલ કરવાનું શરૂ કર્યું.

વનવાસી વિસ્તારનું જીન જીવન જાગી ગયું હતું. તે પોતપોતાના કામોમાં લાગી ગયા હતા. અમારા તરફ કોઈને ધ્યાન આપવાની ફૂરસત ન હોય એવું લાગતું હતું. હાં એક બે નાનાં નાનાં નાગાંપુગાં છોકરા આવીને કુતૂહલથી થઈ રહેલા કામને દૂરથી જોતાં હતા. પથ્થરો કોચવાના ટચ... ટચ... ટચ... અવાજોના પડઘા પહાડોમાં પડતા હતા... ત્રણ ચાર કલાક સતત આ કામ ચાલતું રહ્યું. કામ કરનારા બળુકા અને ખુબ પરિશ્રમી હતા. તેમણે પથ્થરોમાં કાણાં પાડ્યા. કામ પુરું થતાં જીપ લઈ અમને દૂર જતાં રહેવા કહ્યું. વળી આ વિસ્તારમાં કોઈ માણસો નજીક આવી ન જાય તે માટે દૂર દૂરના અંતરે જયાંથી માનવ પ્રવેશના માર્ગો જેવી કેડીઓ હતી ત્યાં અલગ અલગ માણસો ઉભા રખાયા. પથ્થરના કાણાંઓમાં જામગરીનો કાળો ચમકતો પાવડર ભરી તેને બરાબર દબાવવામાં આવ્યો અને તેમાંથી એક દોરી જેવી વાટ આગળ વધારાઈ. જામગરીની વાટને સળગાવી બધા દૂર જતા રહ્યા. વાટ સળગતી સળગતી આગળ વધતી હતી. હમણાં ધડાકા થશે એ વાતે અમારા હૃદયના ધબકારા પણ વધી ગયા હતા. ત્યાં તે ધડામ... ધડામ... અવાજો ચાલુ થયા. મોટા મોટા પથ્થરો તૂટીને ઊંચે ઊડવા લાગ્યા. તેની કરચો અમારા સુધી પણ ઉડીને આવતી હતી. આ દશ્ય જોતાં તેની ભયાનકતા અને જોખમનો ખ્યાલ આવતો હતો. પંખીઓ ડરનાં માર્યા ઉડીને ભાગવા લાગ્યાં હતા. બીજા કોઈ વન્ય પ્રાણીઓ દેખાતાં નહોતા હાં એક જંગલી બિલાડીને ભાગતી ચંદ્રકાન્તે મને બતાવી. તો કયાંક જાળા પાછળ સંતાયેલ સસલું કુદકા મારતું આંખ પલકારામાં અમારી નજર સામેથી કયાં અદશ્ય થઈ ગયું એ અમે જોતા રહ્યાં.

ધડાકાઓ શાંત થતાં અમે એ તરફ નજીક ગયા. જોયું તો પથ્થરોના ટુકડે ટુકડા ચારે બાજુ વિખરાયેલા પડ્યા હતા. તેમાં ગોળ ગોળ મોટા દડા જેવા કેટલાક આકારો દેખાયા. પણ એ હજુ પેલા મોટા પથ્થરોમાં ચોંટ્યા હતા. છીણી હથોડીથી સાવચેતી પૂર્વક કેટલાક ઈંડા છૂટ્ટા પડે તેમ હોઈ તેને છૂટા પાડવાની કામગીરી શરુ થઈ હતી. એક મોટા પથ્થરમાં બસ બાર જેટલા ઈંડા નજીક નજીકમાં દેખાતા હતા. રઈજીભાઈએ કહ્યું કે આ પથ્થર આપણે આખે આખો લઈ જવો છે. તે માટે ટ્રોલી સાથેનું ટ્રેક્ટર મંગાવ્યું. અને મામસો પાસે છૂટા પડેલ ઈંડાને જીપમાં પાછળના ભાગે સુરક્ષિત મૂકવા મંડ્યા.

અમારી આ ગતિવિધિ ચાલતી હતી ત્યાં સુધી આજુબાજુ કોઈ નજરે પડતું ન હતું. પણ અચાનક દૂરથી ધૂળ ઉડાડતું આદિવાસીઓનું મોટું ટોળું આવતું દેખાયું. તેમના હાથમાં તીરકામઠાં, ધારીયા, કુહાડીઓ જેવા હથિયાર ચળકતા દેખાતા હતા. તે બધા બૂમાબૂમ કરતા અમારી તરફ આવતા હતા.

'ડામોર ભાઈ આ બધું શું છે.' મેં ચંદ્રકાન્ત ડામોર પુછ્યું.

'નજીક આવે તો ખબર પડે' તેણે કહ્યું. તે હવે સામે ચાલીને તેમની પાસે જવા લાગ્યા. અમારી જીપથી દૂર તેમને અટકાવવા પુછપરછ કરતા ટોળામાં આગેવાન જેવા માણસે કહ્યું કે અમે તમુને આ બધું લઈ જવા નહીં દઈએ. ચંદ્રકાન્ત ડામોરે તેમને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ઊંચે નજર કરો, જરા ઊંચે, હજી ઊંચે, આકાશ છાબ છે અને તારા ગુલાબ છે...

## વિચારયાત્રા

- ડો. જય ઓઝા

સાચના સંબંધ બહુ ઓછા હોય છે. મોટા ભાગના આપણા સંબંધો કાચના હોય છે, તેને નંદવાઇ જતા વાર નથી લાગતી. આપણે નથી ઊંડે જોતા કે નથી ઊંચે જોતા, આપણે આપણી જાત સાથેનો સંબધ પણ કેટલો અછડતો છે! કોઇ દિવસ મનગમતું એકાંત મેળવીને નિરાંત જીવે આપણે કોઇ દિવસ આપણી જાત સાથે વાત કરવાનો મોકો મેળવ્યો છે ખરો?

માણસ જાત જન્મે છે ત્યારથી ઇચ્છા હોય કે ન હોય એ સંબંધોની માયાજાળમાં ફસાયો છે. પ્રત્યેક સંબંધ મારીચના રુપમાં સુવર્ણમૃગ છે. દૂરથી જોવાની મજા છે, પાસે જઇને કદી પકડી શકાતો નથી. આપણે જો જાત સાથે સંબંધ કેળવીએ તો કસ્તુરી મૃગ થવાય. કસ્તુરી મૃગ પાસે પોતાની સુવાસ હોય છે જે માણસ માટે પોતાનું કશુંય હોય તેણે બહારના કશા પર ઝાઝો મદાર રાખવો પડતો નથી.

જયારે બધા જ સંબંધો પોકળ અને પામર પુરવાર થાય ત્યારે અથવા ન થાય તો પણ માણસે કયારેક તો સંબંધની પાર જતાં રહેવું જોઇએ... આગ્રહ બરાબર છે. પરંતુ દુરાગ્રહ ખોટો છે. અભિવ્યક્તિ બરાબર છે, પરંતુ તેના કટુતા હોય તો પડવા જેવું નથી. સત્ય પણ સારી રીતે કહી શકાય છે. તમે ગમે તેટલા સાચા હો કે આખાબોલા હો, પણ કોઇને વાગે એ રીતે વાત ન કરાય. શરીરનું ખૂન કરીએ તો ખૂની કહેવાય. પણ શબ્દોથી કોઇને દુભવીએ તો એની શિક્ષા તો આપણને જ કયારેકને કયારેક થતી હોય છે.

માટે જ તો આપણા શાસ્ત્ર વચન છે ને -

સત્યં બ્રૂયાત, પ્રિયં બ્રૂયાત, ન બ્રૂયાત સત્યમ્ અપ્રિયમ્

હા! તેનો અર્થ એવો નથી કે આપણે શબ્દોથી લોકોને પંપાળે જ રાખીે, જયાં આપણા સત્યની જરુર હોય ત્યાં જ વાત કરી શકાય.

આપણું સત્ય અને આપણાં આંસુ કયારેય સસ્તા ન બનાવવા. બંને ખૂબ મૂલ્યવાન છે... ગમે ત્યાં ન વેડફાય...

અને જરુર વગર કોઇના અહમ્ શા માટે અડફેટમાં લેવો? ઘવાયેલા અહમ વાળો માણસ પશુ થઇને વિફરે છે અને વકરે છે.

આપણે મોટાભાગે અભિપ્રાય ઓકતા હોઇએ છીએ. આપણે જયારે અભિપ્રાય વ્યક્ત કરતા હોઇએ છીએ. ત્યારે આડકતરી રીતે એવું પુરવાર કરવા માગીએ છીએ કે આના કરતા મને વધુ આવડે છે.

સાચુ બોલવું અને સારું બોલવું. એક કળા છે... પરંતુ માણસ જાત એકમેકને સુખી કરવા ટેવાઇ નથી. જયાં સુધી વ્યક્તિ એકમેકને દુઃખ ન આપે ત્યાં સુધી માણસને ચેન પડતું નથી. જેમ જેમ સંબંધ ગાઢ થતો જાય તેમ-તેમ દુઃખી કરવાની કળા પણ ગૂઢ અને પ્રબળ થતી જાય... જે ક્ષણે આપણા સુખનો આધાર બીજાના દુઃખ પર આધાર રાખે તે ક્ષણથી આપણું મનુષ્ય તરીકેનું પતન શરૂ થયું સમજો...

ઊંચે નજર કરો, જરા ઊંચે, હજી ઊંચે
આકાશ છાબ છે, અને તારા ગુલાબ છે...

મહેણા-ટોણા, વાત વાતમાં મોઢું ચડાવવું, ત્રાગા કરવા, હવે તો તારી બાબતમાં નહીં જ બોલું એમ કહીને તોબરો ચડાવીને ફરવું - આ બધી સામી વ્યક્તિને યાતના આપવાની અનેક પદ્ધતિઓ છે...

લગ્નજીવન એ શું છે? કેટલી અને કેવી કુશળતાથી પતિ અથવા પત્ની પોતાની વાતની સહમતિ મેળવી શકે છે... આમા શતરંજની ચાલની જેમ બે પગલાં આગળ તો કોઇ વખત બે ડગ પાછળ ચાલીને પણ બાજી બચાવવાની જહેમત કરવાની હોય છે...

માતા-પિતા ભાઇ-બહેન આ દરેક સંબંધો અંતે તો છૂપું રાજકારણ જ છે ને! અચંબિત ન થશો! ઇમોશનલ બ્લેક મેઇલિંગ દ્વારા જે કામ કઢાવવામાં આવે છે, તેના કરતા તો લમણે પીસ્તોલ મૂકીને કોઇ લૂંટી લે તે વધુ સારું લાગે...

સંતાનનું આંજ્ઞાકિતપણું ઘણીવાર આવા ચાન્સ મા-બાપને આપે છે... જે સંતાન નફ્ફટ થઇને જવાબો આપે છે, તેવા મહારથીની વાત નથી પરંતુ જે સંતાન માતા-પિતા-પત્ની-બહેન બધા જ સગાને - બધા જ સંબંધોને સાચવવાનો ભેખ ધારણ કરીને બેઠો હોય છે - તેને સૌ ટપલા મારી મારીને લાગણીવશ બનાવીને કામ કઢાવીને પોરસાય છે... વાત કડવી છે પરંતુ સાચી છે...

વસ્તુત : વર્ષના અંતે ઓડિટના લેખા-જોખાની જે બેલેન્સસીટ બને છે, તેમ સંતાન કયારેક આજ્ઞાકારી બનીને મા-બાપના વંશમાં રહ્યો અને કેટલો વખત બળવો પોકારીને વહુઘેલો થયો તેની SUMMARY બનાવીને નફા-નુકશાનના આંકડા માંડવામાં આવે છે.

ઘરમાં કોનું મહત્ત્વ વધારે છે. કેટલા ટકા સલાહ સૂચનો કયા સદસ્યના માનવામાં આવે છે, તે આધારે પરિવાર-જનો મનોમન પોતાનું મહત્ત્વ કેલ્ક્યુલેટ કરતા હોય છે.

અને રખે ને માનતા આ બધું ઇરાદાપૂર્વક કરવામાં આવતું હોય છે, આ બધો વ્યવહાર તો અજાણતા જ સૌ વ્યક્તિઓમાં IN BUILT જ પડેલો હોય છે.

કોઇ વખત પ્રેશરાઇઝ કરીને, ઘણીવાર કોમ્પ્રોમાઇઝ કરીને, પરિવારની ખુશી અને સમૃદ્ધિ માટે કજિયા-કંકાસ ટાળવા માટે એડજેસ્ટમેન્ટ કરી કરીને જીવતા-જીવતા આપણે અધમુઆ થઇ જઇએ છીએ...

Relax, આપણે કાંઇ આ બધા સામે બંડ પોકારીને હિમાલય ભણી ચાલી જવાની આવશ્યકતા નથી... પરંતુ આપણા આત્મીયજનો માટે આખી જિંદગી આપણે આપીએ છીએ... મા-બાપ, ભાઇ-બહેન, પત્ની-બાળકો, તો આ બધામાંથી સમય કાઢીને કયાંક આપણી માટે પણ જીવી લઇએ... આપણને ગમતી કોઇ એક વસ્તુ કરવામાં દિવસનો માત્ર અડધો કલાક પણ કાઢી રાખીએ... તો આનંદ બેવડાશે... કદાચ જે લોકો આપણા પોતાના છે, તેમને વધુ સારી રીતે સાચવી શકાશે... સ્વયં સાથેનો સંવાદ વધારશું તો બીજા વિવાદોથી બચી શકાશે. આપણે આપણા કુંડાળામાંથી બહાર નીકળીને વેણીભાઇ પુરોહિતની પંક્તિ સ્મરી લઇએ...

ઊંચે નજર કરો, જરા ઊંચે, હજી ઊંચે,
આકાશ છાબ છે અને તારા ગુલાબ છે...

# 'એપ્રિલ ફૂલ!' જે અમે બન્યા હતા! ...કારણ કે પહેલી એપ્રિલે અમે પણ પત્નીની આરતી ઉતારી હતી!

## કુંભકર્ણ અને એલાર્મ! હળવાશની ક્ષણોમાં!

- ચિત્રસેન શાહ

અગાઉ અમે એક લેખમાં જણાવેલ કે લેખ લખવા માટેનો 'કાચો માલ' અમને ન્યૂઝ પેપરમાંથી મળી રહે છે! તે પ્રમાણે જ આજે પણ અમને એવો 'કાચો માલ' મળી ગયો! હવે તેમાં કાલ્પનિક રંગો ઉમેરી તેને 'ફીનીસ્ડ પ્રોડક્ટ' તરીકે રજૂ કરી રહ્યા છીએ! આ રીતે 'મેઈક ઈન બ્રેઈન' ને કારણે મગજને પણ 'રોજગારી' મળી રહે છે!

વાત જાણે એમ છે કે ગઈકાલના ન્યૂઝપેપરમાં સમાચાર વાંચ્યા કે 'કુંભકર્ણ મેદસ્વિતાને કારણે મહાનિંદ્રાથી પિડાતો હતો!' જોકે આ કથનમાં 'અર્ધસત્ય છે! કારણે કે બીજા 'અર્ધ્ય સત્ય' પ્રમાણે 'મહાનિંદ્રાને કારણે તે મેદસ્વિતાથી પિડાતો હતો!'

હવે જો આ બે 'અર્ધ સત્ય' ને ભેગાં કરીએ તો તેમાંથી કાંઈક ત્રીજું જ સત્ય બહાર આવે અને તે આ હોય 'ખરેખર તો તે એલાર્મ નહીં હોવાને કારણે ગાઢ નિંદ્રામાંથી જાગી શક્યો નો'તો!' છ મહિના પછી તે જેવો જાગ્યો કે તેના ભાભી મંદોદરીએ (મંદોદરી એટલે કુંભકર્ણના ભાઈ લંકા નરેશ રાવણની રાણી! એ યો બધાને ખ્યાલ હોય જ!)

તેને કહ્યું હશે કે, 'દેવરજી, ચા પછી પીજો! પહેલા માર્કેટમાંથી એલાર્મ ખરીદી લાવો નહીં તો આંખ કયાંક ઘેરાઈ જશે તો ફરીથી બીજા છ મહિના ઊંઘ ખેંચી કાઢશો!'

તે તો ઉપડ્યો એલાર્મ લેવા, 'ચાઈના બજાર'માં!

'ચાઈના બજાર' ચાઈનીઝ એલાર્મ ટાઈમપીસથી ઊભરાઈ રહ્યું હતું! હકીકતમાં એક ચાઈનીઝ કંપનીએ 'મેઈક ઈન ઈન્ડિયા' અભિયાન અંતર્ગત ઈન્ડિયામાં 'એલાર્મ ટાઈણપીસ' મેન્યુફેંક્ચરીંગ પ્લાંટ ઊભો કર્યો હતો!' યોગાનુયોગ તે કંપનીએ તેની એક પ્રોડક્ટનું નામ રાખ્યું હતું 'કુંભકર્ણ!'

કોઈ હિતેચ્છુએ તેને કહ્યું કે, 'ભલા માણસ, બ્રાન્ડનેઈમ 'કુંભકર્ણ' રખાય?! કારણ કે આ શબ્દ કાને પડતાં જ 'જાગૃત નાગરિક' સહિત કોઈને પણ ઊંઘ આવી જાય! જયારે તમારી પ્રોડક્ટનું કામ જગાડવાનું છે! જાગવા માટે એલાર્મ ખરીદનારા 'કુંભકર્ણ' બ્રાન્ડનેઈમ વાળુ એલાર્મ ખરીદે ખરા?!'

ત્યારે ફેકટરીના માલિકે કહ્યું કે -

'એ નામ અમે એટલા માટે પસંદ કર્યું છે કે અમે એવો સંદેશ આપવા માંગીએ છીએ' કે અમારા એલાર્મથી 'કુંભકર્ણ' જેવા 'કુંભકર્ણ' ની ઊંઘ પણ ઊડી જશે!

વળી સામાન્ય રીતે 'લોખંડી અને ચાણક્ય નીતિ ધરાવતી' સરકારની પણ અમુક પ્રશ્નો પ્રત્યે નિંપ્રાંકે ઉદાસિનતાને પણ જગાડી અને ભગાડી દેશે! અમે તેમાં ખાસ પ્રકારની એવી ૨ ડીવાઈસ મુકી છે કે જે સરકારને સતત યાદ અપાવ્યા કરે છે (૧) પાકિસ્તાન તરફની ઢીલી નીતિનો ત્યાગ કરી 'સંઘ' અને 'શિવસેના' ની નીતિ જેવી **Extreme** નીતિ અપનાવે!

કારણ કે નહીં તો સરહદે લડતા આપણા સૈનિકોનું મોરલ ચોક્કસ પણે ડાઉન થશે! નજીકના ભૂતકાળમાં દિલ્હીમાં અને શ્રીનગરમાં 'પાકિસ્તાન ડે'ની થયેલી ઊજવણીને ટીવી પર જોઈને સરહદ પર ઝઝુમતા આપણા સૈનિકોની હાલત કેવી થઈ હશે?!

● ડીવાઈસ-૨

દિલ્હીમાં બનેલ 'નિર્ભયા' કે 'દામિની'ના કેસ પછી પણ દેશમાં અનેક જગ્યાએ મહિલાઓ પર પાશવી અત્યાચારો ચાલુ જ રહ્યાં છે! આ અંગે પણ કડકમાં કડક કાયદો પસાર બનાવાય ત્યાં સુધી 'ઓર્ડિનન્સ' બહાર પાડી પિશાચી ગુન્હેગારો ત્રણેક મહિનાની ટાઈમ લિમિટમાં જ ફાંસીના માંચડે ચડી જાય તેવી 'ધાક' બેસાડવી જરુરી છે!

ગુજરાતમાં કેવી ધાક બેસી ગઈ છે કે છેલ્લા બાર-તેર વર્ષોથી લોકોએ કોમી તોફાન જોયા નથી કે 'કર્ફ્યુ' શબ્દ સાંભળ્યો નથી!

બાકી ત્યાં સુધી તો લોકોએ જેમ આસામમાં બહાદૂર વિદ્યાર્થીનીઓએ પાશવી હત્યારાને જેલમાંથી બહાર કાઢી જાતે જ યોગ્ય ન્યાય મેળવી લીધો હતો તેમ જ કરવું પડે તેવી લોકોની માન્યતા છે! 'ન્યાયની દેવી'એ પણ હવે 'ગાંધારી' બનવાનું છોડી દઈ આંખેથી પાટા ખોલી નાખવા જોઈએ!

'કુંભકર્ણ' અંગેની આટલી વાત વાંચ્યા પછી જો ઊંઘ આવી ગઈ ન હોય તો ઊંઘ આવી ગઈ હશે તો તેનો 'યશ' કે 'અપયશ' આ લખનારને ફાળે જશે!) પહેલી એપ્રિલના રોજ એક ન્યૂઝ પેપરમાં આ પ્રમાણેના સમાચાર હતા -

'અખૂટ લક્ષ્મી પ્રાપ્ત કરવા આજે વૈભવલક્ષ્મી યોગ'

દેશના સુપ્રસિદ્ધ જયોતિષશાસ્ત્રીઓના મત મુજબ ૫૦૦૦ વર્ષ બાદ પહેલી જ વાર આજે બ્રહ્માંડમાં ગ્રહોની અભૂતપૂર્વ યુતિ જોવા મળશે! આ અદ્ભૂત યુતિને વિષ્ણુપુરાણમાં 'વૈભવ લક્ષ્મી' યોગ તરીકે વર્ણવવામાં આવી છે!

આજના દિવસે દરેક પુરુષે દિવસ દરમિયાન મહાલક્ષ્મીની પૂજા કરવી. દીપમાળા પ્રગટાવી તેમને પુષ્પમાળા અર્પણ કરવી. એ પછી દેવી લક્ષ્મીજીની આરતી કરવી. એમ કરવાથી અખૂટ ધન અને ઐશ્વર્યની પ્રાપ્તિ થશે. ભારતીય વેદ પુરાણો સ્ત્રીને પણ લક્ષ્મી જ માને છે તેથી દરેક પરિણીત પુરુષે લક્ષ્મીજીની પૂજા કર્યા બાદ તેમના પત્ની - ગૃહલક્ષ્મીને પણ બાજઠ પર બેસાડી તેમના કપાળમાં ચાંદલો કરી પત્નીના ગળામાં પુષ્પમાળા પહેરાવીન પત્નીની આરતી ઉતારવી!

આમ કરવાથી ઘરમાં સાક્ષાત 'કુબેર' હાજર થઈ 'ભંડાર' છલકાવી દેશે! એપ્રિલની પહેલી તારીખે પેપરમાં આ સમાચાર વાંચી ઘણાં પતિઓએ તેમની ગૃહલક્ષ્મીની આરતી પણ ઉતારી હતી! (વળી આમાંના કેટલાકે તો લગ્નજીવનના પચાસ વર્ષ પૂર્ણ કરેલ હોવાથી આગા દિવસે એટલે કે ૩૧મી માર્ચના રોજ સિનિયર સિટીઝન કાઉન્સિલના અમૃત મહોત્સવમાં પત્નીને વરમાળા પણ પહેરાવી હતી! તેથી આવી પત્નીઓને પણ લાગ્યું હશે કે - પતિ હો તો ઐસા!)

પરંતુ 'કુંભકર્ણ' ટાઈપની પતિની પત્નીઓ તો પતિના ઉઠવાની રાહ જોતી બેસી રહી હતી! તેમણે તો પતિ ઉઠીને તરત પોતાની આરતી ઉતારી શકે તે માટે 'આરતી' પણ તૈયાર કરી રાખી હતી!

પરંતુ બીજા દિવસે એટલે કે બીજી એપ્રિલે એ જ ન્યૂઝ પેપરમાં સમાચાર છપાયા હતા કે આગલા દિવસે છપાયેલ સમાચાર એ ફક્ત 'એપ્રિલ ફૂલ!' સમાચાર જ હતા!

બીજી એપ્રિલે અમારે ત્યાં આવેલા અમારા મિત્રને અમે જયારે આ સમાચાર વંચાવ્યા તેમ જ તે અંગેની બધી વાત કરી ત્યારે તેણે ખડખડાટ હસતાં હસતાં અમારી સમક્ષ એક પ્રશ્ન મૂક્યો - 'બોસ, તમારા કમ્પાઉન્ડના ગાર્ડનમાં ઘણા પ્રકારના રંગબેરંગી ફૂલો થાય છે. એક ફૂલ જે બારે માસ થાય છે ને બીજું 'ફૂલ' જે વર્ષમાં એક જ વાર આવે છે! તો બંનેના નામ ફટાફટ કહો!

અમે ફટાફટ જવાબ આપ્યો - એક ફૂલનું નામ 'બાર માસી!'
અને
બીજું તો તમારી નજીક જ છે તે -
'એપ્રિલ ફૂલ!'
જે અમે બન્યા હતા!
કારણ કે પહેલી એપ્રિલે અમે પણ પત્નીની આરતી ઉતારી હતી!